### ખાણીપીણીના એકમો પર આરોગ્ય વિભાગની તવાઈ : ૮૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ

# જય મહાકાળી સેવ ઉસળમાં ગંદકીની ભરમાર

## ૯ એકમોમાં તપાસ, ૧ સીલ, ૨ ને નોટિસ અને રૂપિયા ૧.૧૫ લાખનો દંડ વસૂલાયો





(પ્રતિનિધિ) વડોદરા, તા.29
વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં ખાદ્ય ચીજોનું વેચાણ કરતા એકમો સામે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં કારેલીબાગની જય મહાકાળી સેવઉસળ રેસ્ટોરન્ટમાંથી અત્યંત ગંદકી જોવા મળતાં ચકચાર મચી જવા પામી હતી.

મ્યુનિસિપલ કમિશનરના આદેશ અને ડેઝિગ્નેટેડ ઓફિસર તેમજ અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ ખોરાક શાખાના ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. વડોદરાના વાસણા-ભાયલી રોડ, ઓલ્ડ પાદરા રોડ, કારેલીબાગ બ્રાઈટ સ્કૂલ પાસે, મુક્તાનંદ સર્કલ અને સમા-સાવલી રોડ પર આવેલા 7 રિટેલર, 7 ફૂડ વેન્ડિંગ એસ્ટાબ્લિશમેન્ટ અને 4 રેસ્ટોરન્ટ મળી કુલ 9 ખાદ્ય એકમો પર ઈન્સ્પેક્શન હાથ ધરાયું હતું. તપાસ દરમિયાન પનીર અને પ્રિપેડ ફૂડના નમૂના લેવામાં આવ્યા હતા. બે યુનિટને શિડ્યુલ-4 હેઠળ નોટિસ આપવામાં આવી હતી. વોર્ડ સાથેની સંયુક્ત કામગીરીમાં કુલ 1,15,000 નો દંડ વસૂલવામાં આવ્યો હતો, 80 કિલો અખાદ્ય પદાર્થનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો અને 1 યુનિટને બંધ કરાવાયું હતું. વાસણા-ભાયલી રોડ પર આવેલા પીઝા પોઈન્ટ રેસ્ટોરન્ટમાં ગંદકી જણાતા શિડ્યુલ-4 ની નોટિસ આપવામાં આવી હતી. કારેલીબાગ બ્રાઈટ સ્કૂલ નીચે આવેલા ભાવિકા વીઝન રિટેલરમાં મિસબ્રાન્ડેડ ખાદ્ય પદાર્થનો જથ્થો મળતા યુનિટ બંધ કરાવાયું હતું. મુક્તાનંદ સર્કલ અપના પંજાબ અને જય મહાકાળી સેવઉસળ રેસ્ટોરન્ટમાં અત્યંત ગંદકી જણાતા 80 કિલો શાકભાજી અને અખાદ્ય પદાર્થનો નાશ કરાયો અને બંને યુનિટને 5000 લેખે કુલ 10,000 નો દંડ ફટકારાયો અને સમા-સાવલી રોડ હરીઓમ દાલબાટી રેસ્ટોરન્ટમાં અનહાઈજેનિક કન્ડિશન જણાતા નોટિસ અને 5000 નો દંડ કરાયો હતો.

### વ્રજ સ્કૂલ નીચે આવેલા ભાવિતા પ્રોવિઝન સ્ટોરમાંથી બેચ નંબર અને એક્સપાયરી ડેટ વગરની વેફર્સ-ફાયમ્સનો જથ્થો પકડાયો





વડોદરા મહાનગરપાલિકાના ખોરાક શાખા દ્વારા શહેરના ચારેય ઝોનમાં છેલ્લા એક સપ્તાહથી વિવિધ રેસ્ટોરન્ટ્સ અને ફૂડ વેન્ડિંગ એસ્ટાબ્લિશમેન્ટ્સ પર કડક ઈન્સ્પેક્શન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ દરમિયાન ગ્રાહકની રજૂઆત અને કમ્પ્લેઈન્ટના આધારે પાલિકાની ટીમે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને નિયમોનું ઉલ્લંઘન કરતી એક દુકાન સામે કડક પગલાં ભર્યા છે. મળેલી માહિતી અનુસાર, વ્રજ સ્કૂલ નીચે આવેલી 'ભાવિતા પ્રોવિઝન સ્ટોર' નામની દુકાનમાં મેન્યુફેક્ચરિંગ ડેટ, એક્સપાયરી ડેટ, બેચ નંબર અને લોટ નંબર વગરના ખાદ્ય પદાર્થોનું વેચાણ થતું હોવાની ગંભીર ફરિયાદ મળતાં ખોરાક શાખાની ટીમ તાત્કાલિક સ્થળ તપાસ માટે પહોંચી હતી. તપાસ દરમિયાન સ્થળ પરથી બેચ નંબર કે ઉત્પાદન તારીખની સ્પષ્ટતા વગરનો શંકાસ્પદ ખાદ્ય ચીજોનો જથ્થો મળી આવ્યો હતા. આ કાર્યવાહી અંગે માહિતી આપતાં અધિકારીએ જણાવ્યું હતું કે, સુરતની એક બેકરીમાંથી લાવવામાં આવેલી પેકિંગ આઈટમો પર મેન્યુફેક્ચરિંગ તારીખ અને તે ક્યાં સુધી વાપરી શકાય તેની કોઈ જ વિગત દર્શાવવામાં આવી નહોતી. એફએસએસએઆઈ ના નિયમો મુજબ દરેક પેક્ડ ખાદ્ય ચીજ પર આ તમામ વિગતો હોવી ફરજિયાત છે. નિયમોનું પાલન ન થતું હોવાનું સામે આવતાં ટીમ દ્વારા સ્થળ પરથી આશરે ૧૦ થી ૧૫ કિલો જેટલો ફ્રાયમ્સ અને વેફર્સનો જથ્થો જપ્ત કરી તેનો તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. ગ્રાહકોના આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારની ચેડાં ન થાય તે હેતુથી વડોદરા કોર્પોરેશનની ટીમ દ્વારા મનસ્વી રીતે ચાલી રહેલા આ વેચાણ સામે કડક વલણ અપનાવવામાં આવ્યું છે અને સંબંધિત પ્રોવિઝન સ્ટોરને તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવ્યો છે. પાલિકા દ્વારા આગામી દિવસોમાં પણ શહેરભરમાં ખાદ્યપદાર્થોના વેપારીઓ સામે આવી કડક ચેકિંગ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

### પંડાલો તૈયાર, ઢોલ-નગારા સાથે વિઘ્નહર્તાની પધરામણી થશે

# શ્રીજીના આગમનની ધૂમ: બે દિવસમાં ૧૫થી વધુ શોભાયાત્રાઓ યોજાશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.29
સંસ્કારી નગરી વડોદરામાં અત્યંત ધામધૂમ અને અકીદતપૂર્વક ઉજવાતા ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સમગ્ર શહેરમાં ઉત્સવનો માહોલ પૂરજોશમાં જામ્યો છે. આગામી તારીખ 14મીથી વિઘ્નહર્તા દેવ શ્રીજીના મહોત્સવનો પ્રારંભ થવા જઈ રહ્યો છે, જેને પગલે વડોદરાના વિવિધ ગણેશ મંડળો દ્વારા આકર્ષક પંડાલો તૈયાર કરી દેવામાં આવ્યા છે. હવે શ્રીજીની પ્રતિમાઓને મંડપ સુધી પધરાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોવાથી આ શનિવાર અને રવિવાર દરમિયાન શહેરમાં ઠેર-ઠેર 15થી પણ વધુ ભવ્ય આગમનયાત્રાઓ ધૂમધામથી નીકળશે.

શહેરના અત્યંત સંવેદનશીલ ગણાતા પાણીગેટ વિસ્તારમાં આવેલા જૂનીગઢી ખાતેના ગણપતિની આગમન યાત્રા પણ આ શનિ-રવિ દરમિયાન જ નીકળનાર છે. આ યાત્રામાં દર વર્ષની જેમ મોટી સંખ્યામાં યુવાનો અને ભક્તો ઉત્સાહભેર જોડાતા હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને અસામાજિક તત્વો કોઈ વિઘ્ન ન ઊભું કરે અને શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા પૂરતી પૂર્વ તૈયારીઓ કરી લેવામાં આવી છે. જૂનીગઢી ઉપરાંત શહેરના માંડવી, પાણીગેટ, રાજમહેલ રોડ, ગોત્રી, વાસણા રોડ, સુભાનપુરા અને ગોરવા સહિતના વિવિધ વિસ્તારોમાં પણ બે દિવસ દરમિયાન નાના-મોટા ગણેશ મંડળો દ્વારા ડીજે, ઢોલ-નગારા અને ગુલાલની છોળો સાથે ભવ્ય આગમન યાત્રાઓ યોજાશે. એક સાથે 15થી વધુ સ્થળોએથી આગમન યાત્રાઓ નીકળવાની હોવાથી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણપણે જળવાઈ રહે તે માટે પોલીસ કાફલો સજ્જ બની ગયો છે. યાત્રાના રૂટ પર ટ્રાફિક જામ ન થાય અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉત્સવની શરૂઆત થાય તે માટે સંવેદનશીલ વિસ્તારોમાં વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

## ખોડિયારનગરમાં ફ્લેટનું તાળું તોડી સોનાના દાગીના અને રોકડની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.29
વડોદરા શહેરના ખોડિયારનગર વિસ્તારમાં જીઓ પેટ્રોલ પંપની બાજુમાં આવેલા સૌંદર્ય બેઝિક એપાર્ટમેન્ટના બી ટાવરના ફ્લેટ નં.302માં અજાણ્યા તસ્કરોએ ચોરી કરી હતી. ફરિયાદી પરિવાર સાથે રહેતા હોવાનું જાણવા મળ્યું છે. તસ્કરોએ મકાનના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી બેડરૂમમાં મુકેલી લોખંડની તિજોરી સાથે ચેડાં કર્યા હતા. તિજોરીનો સામાન વેરવિખેર કરી તેમાં રાખેલા આશરે સોનાના ઘરેણાં અને રોકડ રકમ મળી રૂ.7 હજાર ઉપરાંતની મત્તા ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. મકાનમાં ચોરી થયાની જાણ થતાં માલિકે પોલીસને જાણ કરી હતી. પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ચોરીનો ભેદ ઉકેલવા પોલીસે એપાર્ટમેન્ટ તેમજ આસપાસના વિસ્તારમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવાની કાર્યવાહી હાથ ધરી છે. તસ્કરોની ઓળખ અને અવરજવર અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

### ગ્રામજનોએ પ્રાણી પ્રેમી સંસ્થાની કામગીરીને બિરદાવી

# ૧૨૦ ફૂટ ઊંડા કૂવામાંથી ૪ કલાકની જહેમત બાદ રેસ્ક્યૂ



(પ્રતિનિધિ) વડોદરા,તા.29
વડોદરા શહેર નજીક આવેલા હરિધામ સોખડા ગામે માનવતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. ગામના એક 100 થી 120 ફૂટ ઊંડા કૂવામાં એક દુર્લભ ઢેલ (સોફ્ટ શેલ ટર્ટલ) પડી ગઈ હોવાની જાણ સ્થાનિકોએ પ્રકૃતિપ્રેમી સંસ્થાને કરી હતી. વન્યજીવો માટે કાર્યરત નેચર હેલ્પ ફાઉન્ડેશનને આ અંગે જાણ કરવામાં આવતા જ સંસ્થાના વોલેન્ટિયર હેમંત, ઋતિક અને મુકુંદની 3 લોકોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. કૂવો અત્યંત ઊંડો હોવાથી રેસ્ક્યુ ઓપરેશન ખૂબ જ પડકારજનક હતું. ટીમે સતત 3 થી 4 કલાકની ભારે જહેમત બાદ ભારે સાવધાની સાથે ઢેલને સહીસલામત રીતે બહાર કાઢી હતી. બહાર કાઢ્યા બાદ તેની તપાસ કરતા તે સ્વસ્થ જણાતા તેને તેના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાની જાણ વન વિભાગને પણ કરવામાં આવી હતી. આ રેસ્ક્યુ ઓપરેશનને લઈને ગ્રામજનોએ પ્રાણી પ્રેમી સંસ્થાની કામગીરીને બિરદાવી હતી.

### કોયલી ચેકપોસ્ટ પાસે દારૂ-બિયરનો અધિકારીઓની હાજરીમાં નિકાલ કરાયો

# રૂ. ૩૧ લાખના વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવીને નાશ કરાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
શહેરમાં દારૂબંધીના કાયદાના ભંગ બદલ વિવિધ પોલીસ સ્ટેશનો દ્વારા દરોડા પાડી જપ્ત કરવામાં આવેલા વિદેશી દારૂના જથ્થા સામે હવે બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. ઝોન-2 પોલીસ દ્વારા જપ્ત કરાયેલા અંદાજે રૂ.31 લાખની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો કોયલી ચેકપોસ્ટ નજીક કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ નાશ કરવામાં આવ્યો હતો. ઝોન-2 પોલીસ વિભાગ દ્વારા અલગ-અલગ દારૂબંધીના ગુનાઓમાં કબજે કરવામાં આવેલી વિદેશી દારૂની બોટલોને એકત્ર કરી તેનો વિધિવત નિકાલ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન બુલડોઝર ચલાવી દારૂની બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી ઝોન-2ના ડીસીપી મંજિતા વણઝારાની સીધી દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી હતી. નાશની કામગીરી દરમિયાન સંબંધિત પોલીસ સ્ટેશનોના એસીપી, પીઆઈ સહિતનો પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાયદાકીય પ્રક્રિયા મુજબ દારૂના જથ્થાના નાશ સમયે નશામુક્ત ટીમ, ફાયર બ્રિગેડ વિભાગ તેમજ કલેક્ટર કચેરીના જવાબદાર અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. અધિકારીઓની હાજરીમાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી જપ્ત કરાયેલા વિદેશી દારૂનો નિકાલ કરવામાં આવ્યો હતો. દારૂબંધીના કાયદાનો ભંગ કરનારા તત્વો સામે કાર્યવાહી ઉપરાંત જપ્ત થયેલા મુદ્દામાલનો નિકાલ કરવાની પ્રક્રિયાના ભાગરૂપે ઝોન-2 પોલીસ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### શનિવારે શહેરનું મહત્તમ તાપમાન ૩૩.૪ ડિગ્રી નોંધાયું

# સપ્ટેમ્બરમાં ફરી મેઘરાજાની રિ-એન્ટ્રીના વર્તાતા સંકેત

(પ્રતિનિધિ) વડોદરા,તા.29
રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી વરસાદે વિરામ લીધો છે. ત્યારે, હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોને લઈને મહત્વની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર આગામી 5 દિવસ સુધી સામાન્યથી લઈને હળવા વરસાદની શક્યતા છે. હાલ આગામી એક સપ્તાહ સુધી કોઈ મજબૂત સિસ્ટમ સક્રિય ન હોવાથી ભારે વરસાદની શક્યતા નથી.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે, ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. સપ્ટેમ્બર મહિનાની શરૂઆત સાથે જ રાજ્યમાં ફરી વરસાદ જોર પકડે તેવું અનુમાન છે. દરમિયાન વડોદરા હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલા લોકલ વેધર રિપોર્ટ અનુસાર શનિવારે શહેરનું મહત્તમ તાપમાન 33.4 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા 1.2 ડિગ્રી વધુ છે. જ્યારે લઘુત્તમ તાપમાન 26.2 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા 24 કલાકમાં વરસાદ નોંધાયો નથી. સવારે ભેજનું પ્રમાણ 78 ટકા અને સાંજે 59 ટકા રહ્યું હતું.

હવામાન વિભાગની 7 દિવસની આગાહી મુજબ વડોદરામાં તા.29 ઓગસ્ટથી 4 સપ્ટેમ્બર સુધી રોજ સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેશે અને હળવા વરસાદની શક્યતા રહેશે. લઘુત્તમ તાપમાન 25 થી 26 ડિગ્રી અને મહત્તમ તાપમાન 33 થી 34 ડિગ્રીની આસપાસ રહેશે. આગામી 7 દિવસ સુધી કોઈ વોર્નિંગ આપવામાં આવી નથી.

### સગાઈને લઈને અગાઉ થયેલો વિવાદ કારણભૂત

# ઈલોરા પાર્ક ખાતે ગણપતિ આગમન યાત્રામાં અદાવતે યુવક પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.29
ઈલોરા પાર્ક વિસ્તારમાંથી પસાર થતી ગણપતિ આગમન યાત્રા દરમિયાન જૂની અદાવતને લઈને યુવક અને તેના મિત્ર સાથે ચાર લોકોએ ઝઘડો કર્યો હતો. માર માર્યા બાદ ધનોરા ગામના યુવક પર કળાથી હુમલો કરતા તે લોહી લુહાણ થઈ ગયો હતો દરમિયાન મિત્ર છોડાવવા માટે વચ્ચે પોતે તેને પણ માર મારવામાં આવ્યો હતો. હુમલો કર્યા બાદ 4 જણા ફરાર થઈ ગયા હતા. યુવકને ગોત્રી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર લીધા બાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ધનોરા ગામે રહેતા ગૌતમકુમાર જૈન્તીભાઈ ભાલીયા (ઉંમર 20 વર્ષ) ગરધીયા ખાતે આવેલી કોસંબા ગ્લાસ કંપનીમાં નોકરી કરે છે. તેની એક યુવતી સાથે છેલ્લા દોઢ વર્ષથી સગાઈ થયેલી છે. અગાઉ ખુશી સાથે અક્ષય ભાલીયા નામના યુવકની સોશિયલ મીડિયા પર વાતચીત થતી હતી અને બાદમાં વાતચીત બંધ થઈ જતાં ગૌતમ સાથે સગાઈ થઈ હતી. આ બાબતે અગાઉ અક્ષય સાથે વિવાદ થયો હતો. 27 ઓગસ્ટની રાત્રે તે પોતાના 17 વર્ષીય મિત્ર વિશાલ સાથે બાઈક પર ઈલોરા પાર્ક ખાતે ગણપતિ આગમન જોવા ગયો હતો. ત્યારબાદ બંને ગણપતિની શોભાયાત્રા સાથે દશામાં ચાર રસ્તા પાસે પહોંચ્યા હતા. રાત્રે આશરે 12:10 વાગ્યે અક્ષય ભાલીયા અને તેના ત્રણ મિત્રો ત્યાં આવ્યા હતા અને જૂના વિવાદની અદાવત રાખી ગૌતમ તથા વિશાલ સાથે ગાળાગાળી અને ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ ચારેય શખ્સોએ બંને યુવકોને ગડદાપાટુનો માર માર્યો હતો. દરમિયાન અક્ષયના હાથમાં પહેરેલું સ્ટીલનું કડું ગૌતમના માથામાં મારામતા તે લોહી લોહી લુહાણ થઈ ગયો હતો. વિશાલ વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવ્યો હતો, જેના કારણે બંનેને માથાના ભાગે ઈજા થઈ હતી. ત્યારબાદ ચારેય શખ્સો ત્યાંથી ભાગી ગયા હતા. બંને ઈજાગ્રસ્તોએ ગોત્રી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામા આવ્યા હતા. ગૌતમ ભાલ્યાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અક્ષય ભાલીયા સહિત ચાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**આરોગ્યને જોખમ** તળાવ સુકાયા પછી પણ લીકેજ યથાવત રહેતા ચોંકી ઉઠેલું તંત્ર; બિલ્ડિંગ શાખા દ્વારા રીડેવલપમેન્ટનું આયોજન શરૂ

# ૧૯૮૪માં બનેલા સરદારબાગ સ્વિમિંગ પૂલનું આયુષ્ય પૂરું!



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
શહેરના ઐતિહાસિક અને જૂના સ્વિમિંગ પૂલો પૈકીના એક એવા સરદારબાગ સ્વિમિંગ પૂલને આખરે તંત્ર દ્વારા તાળા મારી દેવામાં આવ્યા છે. વર્ષ ૧૯૮૪ની આસપાસ શરૂ કરવામાં આવેલા આ સ્વિમિંગ પૂલને આશરે ચાર દાયકાથી વધુ સમય વીતી ચૂક્યો છે. જર્જરિત સ્થિતિ અને ટેકનિકલ ખામીઓના કારણે નાગરિકોની સુરક્ષા અને આરોગ્યને ધ્યાનમાં રાખીને વડોદરા કોર્પોરેશન દ્વારા તેને બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ગત સપ્ટેમ્બર માસ દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે સ્વિમિંગ પૂલમાં ગંદુ પાણી ભરાઈ ગયું હતું.

વરસાદ વિરામ લીધા બાદ તંત્ર દ્વારા પાણીને શુદ્ધ કરવા માટે ફિલ્ટ્રેશન સિસ્ટમ ચાલુ કરવામાં આવી હતી. જોકે, ફિલ્ટ્રેશન પ્રક્રિયા સફળ ન થતાં પૂલને સંપૂર્ણ ખાલી કરવાની ફરજ પડી હતી. પૂલ ખાલી કર્યા બાદ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે સીપેજ ના કારણે સતત પાણી અંદર આવી રહ્યું હતું. શરૂઆતમાં એવું અનુમાન લગાવવામાં આવ્યું હતું કે બાજુમાં આવેલા તળાવનું પાણી સીપેજ મારફતે સ્વિમિંગ પૂલમાં પ્રવેશતું હશે. પરંતુ તળાવ સુકાઈ ગયા બાદ પણ સ્વિમિંગ પૂલમાં સીપેજની સમસ્યા યથાવત રહી હતી. તંત્ર દ્વારા લીકેજ બંધ કરવા માટે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી હતી, પરંતુ એક જગ્યાએથી સીપેજ બંધ કરાતાં જ બીજી જગ્યાએથી પાણી નીકળવાનું શરૂ થઈ જતું હતું. જો આવી સીપેજવાળી સ્થિતિમાં જ સ્વિમિંગ પૂલમાં પાણી ભરવામાં આવે તો કન્ટામિનેશન વધવાની શક્યતા હતી, જેનાથી તરણવીરો અને નાગરિકોના આરોગ્ય સામે મોટો ખતરો ઊભો થઈ શકે તેમ હતો. પરિણામે હાલ પૂલમાં પાણી ન ભરવાનો અને તેને બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

સરદારબાગ સ્વિમિંગ પૂલની વ્યાપક સમસ્યાઓને ધ્યાને રાખી ગત અઠવાડિયે જ બિલ્ડિંગ શાખા તેમજ ડેપ્યુટી કમિશનર દ્વારા સ્થળ પર સંયુક્ત મુલાકાત લેવામાં આવી હતી. આ નિરીક્ષણ બાદ અધિકારીઓ દ્વારા એવો નિર્ણય લેવાયો છે કે હવે જૂના પૂલનું માત્ર સમારકામ કે રિનોવેશન કરવાને બદલે આખા સ્વિમિંગ પૂલનું સંપૂર્ણ નવીનીકરણ કરવામાં આવશે. આ નવીનીકરણ અંગેની આગળની પ્રક્રિયા અને વિસ્તૃત આયોજન બિલ્ડિંગ શાખા દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે.

### વડોદરામાં ખુલ્લેઆમ દારૂની હેરાફેરી

# દારૂબંધી માત્ર કાગળ પર! ભાવનગર લઠ્ઠાકાંડ બાદ પણ બુટલેગરો બેફામ

**મદન ઝાંપા રોડ પર** દારૂની હેરાફેરીનો વિડીયો વાયરલ



(પ્રતિનિધિ) વડોદરા, તા.29
ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં રાજ્યમાં દારૂનું વેચાણ અને હેરાફેરી અટકવાનું નામ નથી લેતી. ત્યારે, હવે મહિલાઓ પણ દારૂના વેપલાના હાંસિયામાં ધકેલાઈ હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. શહેરના મદન ઝાંપા રોડ પર દારૂની હેરાફેરીનો વિડીયો વાયરલ થતા પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા. તાજેતરમાં ભાવનગરમાં થયેલા ગંભીર લઠ્ઠાકાંડ બાદ રાજ્યના નાયબ મુખ્યમંત્રી દ્વારા દારૂ પર કડક પ્રતિબંધ અને કાર્યવાહીની સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં બુટલેગરોમાં પોલીસનો કોઈ ડર જોવા મળતો નથી. ત્યારે, વડોદરા શહેરના મદન ઝાંપા રોડ પર આવેલ ચીમનભાઈ દવાખાનાની ગલીમાં ખુલ્લેઆમ દારૂની હેરાફેરી કરતી એક યુવતી મોબાઈલના કેમેરામાં કેદ થઈ હતી. એક જાગૃત નાગરિકે આ સમગ્ર ઘટનાનો વિડીયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો છે, જેમાં સ્પષ્ટ રીતે દારૂની બોટલો એક વાહનમાંથી અન્યત્ર હેરાફેરી કરતી જોવા મળી રહી છે. દિવસે દહાડે અને ભરચક વિસ્તારમાં આ રીતે ખુલ્લેઆમ દારૂ વેચાતો હોવાથી સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.